મહીસાગરના લુણાવાડા-સંતરામપુર રોડ પર રાફાઇ ગામ નજીક ગોઝારો અકસ્માત સર્જાયો

સંતરામપુર પાસે ટેન્કર ટક્કરે કારમાં સવાર એક જ પરિવારના ત્રણ સભ્યના કરુણ મોત

ફતેપુરાથી બિમારીની સારવાર માટે દવાખાને જઈ રહેલા દાદી, માતા અને પુત્રને કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૪

મહીસાગરના લુણાવાડા - સંતરામપુર રોડ પર રાફાઈ ગામ નજીક શુક્રવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. દાહોદ જિલ્લાના ફતેપુરાથી લુણાવાડા ખાતે સારવાર માટે જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યોના કાર અને દૂધના ટેન્કર વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં કરુણ મોત નિપજ્યા છે. આ અકસ્માતમાં દાદી, માતા અને પુત્રના મોત થતાં સમગ્ર પંથક સહિત ફતેપુરા ગામે ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના પ્રજાપતિ પરિવારના સભ્યો લુણાવાડા ખાતે સવિતાબહેનની સારવાર માટે કાર લઈને નીકળ્યા હતા. આ પરિવાર જ્યારે લુણાવાડા-સંતરામપુર રોડ પર આવેલા રાફાઈ ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સામેથી આવતા દૂધના ટેનકર અને તેમની કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ત્રણ વ્યક્તિઓના અકાળે મોત નિપજ્યા હતા.

આ અકસ્માતને પગલે હાઈવે પર ભારે ચક્કાજામ સર્જાયો હતો. પોલીસે મૃતકોની લાશને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી અને કારના નંબર પરથી તેમના સગાઓને જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી.આ અંગે સંતરામપુર પોલીસે જીતેન્દ્રભાઈ કાળુભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે અકસ્માત સર્જનાર દૂધના ટેનકર ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

જીવ ગુમાવનાર કમનસીબ સભ્યો

સવિતાબહેન કાળુભાઈ પ્રજાપતિ (ઉ.વ. 72) - (દાદી)
પુષ્પાબહેન પ્રશાંતભાઈ પ્રજાપતિ (ઉ.વ. 36) - (માતા)
હાર્દિક પ્રશાંત પ્રજાપતિ - (પુત્ર)

મંત્રીઓ અને સાંસદની હાજરીમાં જ અરાજકતાનો માહોલ

ખેડા જિ.પંચાયતના યોજાયેલા ત્રણેય કાર્યક્રમોમાં ફિયાસ્કો !

શાસકો- અધિકારીઓની બેદરકારીથી નેતાઓએ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ખેડા જિલ્લા પંચાયતમાં વહીવટી તંત્રની દિશાહીન કામગીરી અને અણઆવડતને કારણે વિકાસ અને તાલીમના નામે માત્ર સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાનું ષડયંત્ર ચાલતું હોય તેવો માહોલ સર્જાયો છે. જિલ્લામાં શુક્રવારે ઉતાવળિયે ગોઠવાયેલા વિવિધ કાર્યક્રમોમાં સંકલનના સદંતર અભાવે ભારે અરાજકતા ફેલાઈ હતી. ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વચ્ચે કોઈ જ તાલમેલ ન હોવાના કારણે યોજવામાં આવેલા તમામ કાર્યક્રમો ફિયાસ્કો સાબિત થયા છે.

ખેડા જિલ્લા વિકાસ અધિકારીના વડપણ હેઠળ ખેડા જિલ્લા પંચાયતનું તંત્ર સાવ લકવાગ્રસ્ત બની ગયું હોય તેવી પ્રતીતિ શુક્રવારના ઘટનાક્રમ પરથી થઈ હતી. વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ જાતના પૂર્વ આયોજન વગર એક જ દિવસમાં એટલા બધા કાર્યક્રમો ગોઠવી દેવામાં આવ્યા કે એક પણ કાર્યક્રમને ન્યાય આપી શકાયો નહોતો. પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકી અને પૂર્વ ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા જેવા અગ્રણીઓની હાજરીમાં જ તંત્રની અણઆવડતનું પ્રદર્શન થયું હતું અને પદાધિકારીઓ પોતાની જવાબદારી સમજવામાં નિષ્ફળ રહ્યા હતા અને અધિકારીઓએ પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં રસ દાખવ્યો નહોતો.

તાલીમ શિબિરમાં શ્રોતાઓ કરતા વ્યવસ્થાપકોની ભીડ વધુ !

નડિયાદના પીપલગ રોડ પરના મંદિરમાં 11 તાલુકાના 300 સદસ્યો માટે તાલીમ શિબિર યોજાઈ હતી. જોકે, તંત્રનો ફિયાસ્કો એવો રહ્યો કે પ્રથમ સેશનમાં માત્ર 60 અને બીજા સેશનમાં માંડ 15 સદસ્યો જ હાજર રહ્યા હતા. તાલીમ લેનારા કરતા તાલીમ આપનારા અને વ્યવસ્થામાં ઉભેલા અધિકારીઓની ભીડ વધારે જોવા મળી હતી. સાંસદે સ્વાગતથી માંડી તમામ વ્યવસ્થાઓમાં અધિકારીઓને વારંવાર ટકોર કરવી પડી હતી.

એક જ સ્થળે બે વિપરીત ચિત્રો: પંચાયતનું નબળું આયોજન ખુલ્લું પડ્યું

નડિયાદના યોગી ફાર્મ ખાતે તે જ દિવસે જિલ્લા પ્રશાસન દ્વારા આયોજિત 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'નો કાર્યક્રમ અત્યંત સફળ રહ્યો હતો. જ્યારે તેની બિલકુલ વિપરીત, જિલ્લા પંચાયતની બેદરકારીને કારણે બીજો કાર્યક્રમ સંપૂર્ણ નિષ્ફળ રહ્યો હતો. આમ, પંચાયતના અણઘડ વહીવટે એક જ સ્થળે પ્રશાસનની શોભા બગાડી હતી.

હદ થઈ ! પોલીસ વડાને બેસવા માટે ખુરશી જ ન મળી

તંત્રની લાપરવાહીની પરાકાષ્ઠા ત્યારે જોવા મળી જ્યારે જિલ્લાના કાયદો અને વ્યવસ્થા સંભાળતા જિલ્લા પોલીસ વડા માટે મંચ પર કે નીચે બેસવાની કોઈ વ્યવસ્થા જ કરવામાં આવી નહોતી. આ અપમાનજનક સ્થિતિને કારણે પોલીસ વડા કાર્યક્રમ છોડીને નીકળી ગયા હતા. બાદમાં ભોપાળું ધ્યાને આવતા હાંફળા-ફાંફળા થયેલા વહીવટી તંત્રએ વ્યવસ્થા કરી તેમને પરત બોલાવવા પડ્યા હતા.

સામાન્ય સભામાં સાંસદ દેવુસિંહ ચૌહાણ લાલઘૂમ !

ખેડા જિલ્લા પંચાયતના ઇતિહાસમાં પ્રથમ વખત સવારે 10 વાગ્યે સામાન્ય સભા બોલાવાઈ હતી. સાંસદ દેવુસિંહ ચૌહાણ સમયસર પહોંચી ગયા હતા, પરંતુ સદસ્યોની ગેરહાજરીને કારણે સભા છેક 11 વાગ્યે શરૂ થઈ શકી હતી. એક કલાક સુધી બેસી રહેવા મજબૂર બનેલા સાંસદે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આયોજનનો અભાવ સામાન્ય સભામાં પણ ઉડીને આંખે વળગ્યો હતો.

પ્રમુખનો જર્જરિત બંગલો તોડી નવો બનાવવા દરખાસ્ત

ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા પંચાયત પ્રમુખનો જર્જરિત બંગલો તોડી પાડી તે જ સ્થાને નવો બંગલો બનાવવા અંગેની દરખાસ્ત વડી કચેરીએ મોકલવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત, આવક વધારવા માટે બંગલાની આગળની જગ્યામાં કોમ્પ્લેક્સ બનાવી તેને ભાડે આપવાની દરખાસ્ત પણ એજન્ડામાં સામેલ છે.

પાળજ બેઠક પરથી પેટાચૂંટણી જીતનાર સુમિત્રાબેન પટેલ નવા પ્રમુખ બનશે

આણંદના જીલ્લા પંચાયત પ્રમુખનું રાજીનામું: કોંગ્રેસનો અઘોષિત વિજય

મયુરીબહેનનું ઉમેદવારીપત્ર રદ થયું ત્યારથી સર્જાયેલા કાનૂની ગૂંચને પગલે નિર્ણય

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ જીલ્લા પંચાયતના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતી અટકળોનો અંત આવ્યો છે. જીલ્લા પંચાયત પ્રમુખ મયુરીબેન પટેલે ગત ૧૧મી તારીખે પોતાના પદ પરથી રાજીનામું આપી દેતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. જોકે, આ રાજીનામું 'સ્વૈચ્છિક' હોવાનું જણાવાયું છે, પરંતુ તેની પાછળ ભાજપ દ્વારા ખેલવામાં આવેલી ચોક્કસ રાજકીય ચાલ અને ગોઠવાયેલો તખ્તો હોવાનું સ્પષ્ટપણે ચર્ચાઈ રહ્યું છે. પ્રમુખ માટે મયુરીબહેનનું ઉમેદવારીપત્ર રદ્દ થયું હતું. પરંતુ હાઈકોર્ટના આદેશ બાદ થયેલી ચૂંટણીમાં તેઓ પ્રમુખપદે ચૂંટાયાં હતાં. પરંતુ આ કાયદાકીય લાંબી લડાઈ બાદ પાળજ બેઠક પર ભાજપે દાવ ખેલ્યો હતો. જે સફળ થતાં મયુરીબહેનને રાજીનામું આપવાની ફરજ પડી છે.

આ સમગ્ર ઘટનાક્રમની શરૂઆત ગત મે માસમાં થઈ હતી. ૨૪મી મેના રોજ પ્રમુખ પદ માટે ભાજપના ઉમેદવારનું ફોર્મ અમાન્ય ઠર્યા બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટના નિર્દેશથી ચૂંટણી તો યોજાઈ અને ભાજપ વિજયી પણ થયું, પરંતુ ભવિષ્યમાં કોઈ વિપરીત કાનૂની પરિસ્થિતિ સર્જાય તેવી ભીતિ હતી. આથી, સત્તા ટકાવી રાખવા માટે ભાજપે વ્યૂહાત્મક રીતે પાળજ બેઠક પરના બિનહરીફ સભ્ય પાસે રાજીનામું અપાવ્યું હતું.

પાળજ બેઠકની ખાલી પડેલી જગ્યા પર ભાજપે એસસી/એસટી મહિલા ઉમેદવાર સુમિત્રાબેન પટેલને મેદાનમાં ઉતાર્યા હતા, જેઓ ગત ૩૦મીએ જાહેર થયેલા પરિણામમાં વિજયી થયા છે. સુમિત્રાબેનનો વિજય થતાં જ મયુરીબેન પટેલે રાજીનામું આપી દેતા હવે સુમિત્રાબેનનું પ્રમુખ બનવું નિશ્ચિત મનાય રહ્યું છે.

નાપાડ વાંટામાં માહિતી માંગવા મામલે ઝઘડો થયો હતો

આણંદ:યુવકનામોતનામામલે પૂર્વ સરપંચને ત્રણ વર્ષની કેદ

યુવકનું માથું દીવાલમાં પછાડતા મોત નીપજાવ્યું હતું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદના નાપાડ વાંટા ગામમાં સાડા ત્રણ વર્ષ અગાઉ આરટીઆઈ હેઠળ માહિતી માંગનારા વ્હીસલબ્લોઅર દીપકભાઈ રાઠોડની હત્યાના કેસમાં આણંદ જિલ્લા કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આ કેસના મુખ્ય સૂત્રધાર અને પૂર્વ સરપંચ મહેમુદખાન રાઠોડને તકસીરવાર ઠેરવી ત્રણ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

નાપાડ વાંટા પંચાયતમાં તલાટી પાસે એપ્રિલ ૨૦૨૩માં દીપકભાઈ રાઠોડ દ્વારા માહિતી અધિનિયમ હેઠળ માહિતી માંગવા ગયા હતા. તે સમયે પૂર્વ સરપંચ મહેમુદખાન જશુભા રાઠોડ અને અન્ય બે શખસોએ તેમને ઘેરી વળી મૂઢ માર મારી તેમનું માથું દીવાલમાં પછાડ્યું હતું. આ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન દીપકભાઈનું મોત નીપજ્યું હતું.

આ કેસ આણંદ જિલ્લા કોર્ટમાં ચાલતા સરકારી વકીલે ૧૬ સાક્ષીઓ અને ૪૩ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. કોર્ટે આ કેસમાં 'હત્યા'ને બદલે 'સાપરાધ મનુષ્યવધ'ની કલમ હેઠળ પૂર્વ સરપંચને ત્રણ વર્ષની જેલ અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે, જો દંડ ન ભરે તો વધુ છ માસની કેદની જોગવાઈ કરી છે. જ્યારે અન્ય બે શખસને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે.

વીરપુર:દારૂનીલતેચડેલા પતિએ પત્નીને કાઢી મૂકી

કાર અને વિદેશ જવા લાખો ખર્ચ્યા છતાં પરિણીતાને ત્રાસ આપ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

વીરપુરની પરિણીતાના લગ્નજીવનના ૧૨ વર્ષ બાદ પણ સાસરિયાની દહેજની ભૂખ ન સંતોષાતા અને બીજી પત્ની લાવવાની ધમકી આપી ત્રાસ આપી ઘરની બહાર કાઢી મુક્યાની ફરિયાદ નોંધાઇ છે.

વીરપુરના તિલકચોકના વતની અને હાલ અમદાવાદમાં નોકરી કરતા ૩૩ વર્ષીય દર્શિતાબેનના લગ્ન ૨૦૧૪માં ખેરોલીના હાર્દિકકુમાર પટેલ સાથે થયા હતા. ફરિયાદ અનુસાર, લગ્ન બાદ પતિ હાર્દિકકુમાર દારૂ પીવાની કુટેવ ધરાવતો હતો અને અવારનવાર ઝઘડા કરતો હતો. સાસરિયાએ ફોર વ્હીલર ગાડીની માંગણી કરતા દર્શિતાબેનના પિતાએ ડાઉન પેમેન્ટ અને હપ્તા પેટે કુલ રૂ. ૬ લાખ ચૂકવ્યા હતા. એટલું જ નહીં, પતિને અભ્યાસ અને નોકરી માટે દુબઈ મોકલવા પણ પિતાએ રૂ. ૪.૪૮ લાખનો ખર્ચ કર્યો હતો.

આ ઉપરાંત દુબઈથી પરત આવ્યા બાદ પતિ વધુ ઉગ્ર બન્યો હતો અને 'તું મારે જોઈતી નથી, હું બીજી પત્ની લાવવાનો છું.' તેમ કહી દર્શિતાબેનને મારઝૂડ કરી તેમની ૮ વર્ષની પુત્રી સાથે ઘરની બહાર કાઢી મૂક્યા હતા. આખરે પરિણીતાએ પતિ હાર્દિકકુમાર, સસરા ભરતભાઈ રાયજીભાઈ અને સાસુ નયનાબેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

લુણાવાડાની ૨૪ શાળાઓના ૧૩,૧૦૬ બાળકોનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરાશે

મહીસાગરમાં ગંભીર 'GBS' રોગનો પગરવ?:વહીવટીતંત્ર હવે 'એલર્ટ'થયું

વાલીઓમાં ભારે આક્રોશ, ગરીબ અને મધ્યમ વર્ગ માટે સારવારનો ખર્ચ મુશ્કેલ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં અત્યંત ગંભીર અને દુર્લભ ગણાતા ગિલેન બારે સિન્ડ્રોમ (GBS) ના શંકાસ્પદ કેસોએ હાહાકાર મચાવ્યો છે. જયશ્રી નગર સોસાયટી સહિતના વિસ્તારોમાં આ રોગના લક્ષણો દેખાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. ધોરણ ૩ ના માસૂમ વિદ્યાર્થીના કરૂણ મોત બાદ વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે અને કલેક્ટર અર્પિત સાગરે પોતે મેદાનમાં ઉતરી શાળાઓની ઓચિંતી મુલાકાત લેવાનું શરૂ કર્યું છે.

આ પરિસ્થિતિની ગંભીરતા જોતા કલેક્ટરની આગેવાની હેઠળ મહેસૂલ, પંચાયત, ફૂડ સેફ્ટી અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમોએ લુણાવાડાની આદર્શ વિદ્યાલય, વાઈબ્રન્ટ વેલ્સ, ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સહિતની અનેક શાળાઓમાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અત્યાર સુધીમાં નગરપાલિકા વિસ્તારની ૨૪ શાળાઓના ૧૩,૧૦૬ બાળકોનું સ્વાસ્થ્ય પરીક્ષણ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. શાળાઓમાં પીવાના પાણીના ૭ સેમ્પલ લેવાયા છે અને ૪૧૫ ઘરોમાં સફાઈ ઝુંબેશ તેજ કરવામાં આવી છે.

એક તરફ તંત્ર કામગીરીના દાવા કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ સ્થાનિક વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

જીબીએસના ખતરનાક લક્ષણો

ન્યુરોલોજીસ્ટ ડો. દીપ મહેતાના જણાવ્યા મુજબ, જીબીએસએ એક દુર્લભ ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જેમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ ભૂલથી પોતાના જ ચેતાતંત્ર પર હુમલો કરે છે. શરીરમાં અતિશય અશક્તિ અને નબળાઈ, હાથ-પગમાં ખાલી ચડવી કે ઝણઝણાટી થવી, સ્નાયુઓ પરનું નિયંત્રણ ગુમાવવું અને લકવા જેવી સ્થિતિ, શ્વાસ લેવામાં અને ખોરાક ગળવામાં તકલીફ, ચાલવા કે બેસવામાં અસમર્થતા જોવા મળે છે.

આણંદના ટ્રાવેલ્સ સંચાલકે ₹૭૦ હજારની ઠગાઈ કરી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૪

સંતરામપુરના એક કાપડના વેપારીને સાઉદી અરેબિયા ખાતે પવિત્ર મક્કા-મદીનાની ઉમરાહ યાત્રાએ મોકલવાના બહાને આણંદના 'અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલકે રૂ. 70 હજારથી વધુની રકમ પડાવી લઈ ટિકિટ ન આપી છેતરપિંડી આચરી છે. આ મામલે ભોગ બનનાર વેપારીએ સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

સંતરામપુરના વાડી વિસ્તારમાં રહેતા અને કાપડનો વ્યવસાય કરતા 39 વર્ષીય ફુરકાન અબ્દુલસત્તાર શેખે ઉમરાહ યાત્રાએ જવા માટે આણંદના આસીફ એસ. મલેક (અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ) નો સંપર્ક કર્યો હતો. આ આસીફે સ્પેશિયલ ઉમરાહ પેકેજ પેટે રૂ. 70,786 નક્કી કર્યા હતા અને 21મી ઓગસ્ટ 2025ની રવાનગી તારીખ આપી હતી. ફરિયાદીએ આ રકમ ચેક મારફતે આસીફના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી હતી.

જોકે, પ્રવાસની તારીખ નજીક આવવા છતાં આસીફે ફ્લાઇટની ટિકિટ ન આપી ખોટા વાયદા કર્યા હતા. છેવટે, ફરિયાદી અન્ય ટ્રાવેલ્સ મારફતે પોતાની યાત્રા પૂર્ણ કરીને પરત આવ્યા હતા. બાદમાં તેમણે પોતાના નાણાં પરત માંગતા આસીફે ગલ્લાંતલ્લાં કરી રકમ પરત આપી ન હતી. પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફુરકાન શેખે આસીફ મલેક વિરુદ્ધ સંતરામપુર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

તંત્રની ઘોર બેદરકારી | માનવસર્જિત દબાણોએ નોતરી હોનારત

લુણાવાડાનુંસુવાગામમાત્ર૪ ઈંચવરસાદમાંજળબંબાકાર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

લુણાવાડા તાલુકાના સુવા ગામમાં કુદરતી આફત કરતા માનવસર્જિત ભૂલોને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે જ્યાં ક્યારેય પાણી ભરાતું નથી, તેવા સુવા ગામમાં બે દિવસ પહેલાં પડેલા માત્ર ચાર ઈંચ વરસાદમાં આખું ગામ અને ખેતરો જળબંબાકાર થઈ ગયા હતા. પરિસ્થિતિ એટલી વિકટ બની હતી કે ગામના ઈતિહાસમાં પ્રથમ વખત કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર દોડી આવવાની ફરજ પડી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, વિરાણીયા ચોકડીથી લઈને પાનમ નદીના પુલ સુધીના વિસ્તારમાં બેફામ દબાણો થયા છે. કુદરતી વહેણ અને સરકારી ગટર લાઈનોમાં માટીનું પુરાણ કરી ત્યાં મોટા શોરૂમો અને દુકાનો ચણી દેવાયા છે, જેના કારણે વરસાદી પાણીનો નિકાલ સંપૂર્ણપણે અટકી ગયો છે.

વન વિભાગની નર્સરી શંકાના દાયરામાં ગામના પાણીનો વર્ષો જૂનો નિકાલ રેલવે લાઈન પાસેની ગટર અને કોતરો દ્વારા પાનમ નદીમાં થતો હતો. જોકે, રેન્જ ફોરેસ્ટર દ્વારા રેલવેની જમીન પર કોઈ પણ કાયદેસરના દસ્તાવેજો વગર અનધિકૃત નર્સરી બનાવી દેવામાં આવી હોવાનો RTIમાં ખુલાસો થયો છે. આ નર્સરી માટે મોટા માટીના પારા બનાવતા પાણી ગામ તરફ પાછું પડ્યું છે, જે હવે ગ્રામજનો માટે મુસીબત બન્યું છે.

તંત્ર દ્વારા અગાઉ નોટિસો અપાઈ હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા દબાણખોરો બેફામ બન્યા છે. આ પૂરને કારણે પાક નાશ પામ્યો છે અને ગરીબોના મકાનો પડી જવાની અણી પર છે. ગ્રામજનોએ માંગ કરી છે કે તાત્કાલિક બુલડોઝર ફેરવી દબાણો દૂર કરવામાં આવે, અન્યથા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ચારુસેટે નેશનલ ગ્રીન યુનિવર્સિટી રેન્કિંગમાં 'ગોલ્ડ રેટિંગ' મેળવ્યું

પર્યાવરણ સંરક્ષણ અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ માટેની મક્કમ પ્રતિબદ્ધતાને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીએ શૈક્ષણિક શ્રેષ્ઠતાની સાથે પર્યાવરણ જાળવણીના ક્ષેત્રમાં પણ દેશભરમાં ડંકો વગાડ્યો છે. ગ્રીન મેન્ટર્સ દ્વારા આયોજિત નેશનલ ગ્રીન યુનિવર્સિટી રેન્કિંગ 2026માં ચારુસેટને પ્રતિષ્ઠિત 'ગોલ્ડ રેટિંગ' પ્રાપ્ત થયું છે. આ સાથે જ યુનિવર્સિટીએ ભારતની ટોપ-50 ગ્રીન યુનિવર્સિટીઓની યાદીમાં સ્થાન મેળવીને રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે.

ચારુસેટની આ સફળતા પાછળ કેમ્પસમાં અમલી બનાવાયેલી પર્યાવરણલક્ષી કાર્યપ્રણાલીનો મોટો હાથ છે. યુનિવર્સિટી દ્વારા માત્ર વૃક્ષારોપણ જ નહીં, પણ ઊર્જા અને જળનો અત્યંત કાર્યક્ષમ ઉપયોગ તથા કુદરતી સંસાધનોના સંરક્ષણ જેવી બાબતો પર ભાર મૂકવામાં આવે છે. સૌથી વિશેષ બાબત એ છે કે ચારુસેટમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારી કેળવીને એક સસ્ટેઈનેબલ જીવનશૈલીને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ 'સામૂહિક જવાબદારી'નો અભિગમ જ તેને અન્ય સંસ્થાઓથી અલગ પાડીને રાષ્ટ્રીય ફલક પર વિજેતા બનાવે છે.

પેટલાદ મામલતદાર કચેરીએ હાઈ-પ્રોફાઈલ છેતરપિંડીનો પર્દાફાશ કર્યો

ખંભાતના ગઠિયાએ કલેક્ટરના નામે બનાવટી હુકમ બનાવ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૪

પેટલાદ તાલુકાના ઈસરામા ગામના એક ખેડૂત સાથે જમીનના રસ્તાના વિવાદનો નિકાલ કરવાના બહાને રૂ. ૩ લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ખંભાતના એક શખ્સે પોતાને વકીલ ગણાવી આણંદ કલેક્ટરના બોગસ સહી-સિક્કાવાળો બનાવટી હુકમ બનાવી આપ્યો હતો. આ કૌભાંડનો પર્દાફાશ થતા પેટલાદ મામલતદારે બોગસ વકીલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પેટલાદના ઈસરામા ગામના રહીશ ભાર્ગવભાઈ મહેન્દ્રભાઈ પટેલ પોતાની સીમના બ્લોક/સર્વે નં. ૩૮ ના રસ્તાના કેસ બાબતે મહેસૂલી રેકર્ડમાં ફેરફાર નોંધ કરાવવા માટે પેટલાદ મામલતદાર કચેરીએ ગયા હતા. ત્યાં રજૂ કરવામાં આવેલા આણંદ કલેક્ટરના સહીવાળા હુકમ પર નાયબ મામલતદાર વિશાલ સોલંકીને શંકા ગઈ હતી, કારણ કે ખેતરમાં જવાના રસ્તાના દાવા ચલાવવાની સત્તા કલેક્ટરના બદલે નાયબ કલેક્ટર હસ્તક હોય છે.

આથી, મામલતદાર કચેરીમાં જ પૂછપરછ દરમિયાન ખેડૂત ભાર્ગવભાઈએ જણાવ્યું કે, ખંભાતના શાહિદ ઈમ્તીયાઝભાઈ શેખ નામના શખ્સે પોતે વકીલ હોવાની ઓળખ આપી હતી. આ શખ્સે કૌટુંબિક રસ્તાનો કેસ પતાવી આપવાના બહાને ખેડૂત પાસેથી રૂ. ૩ લાખ રોકડા લીધા હતા અને ત્યારબાદ આ હુકમ આપ્યો હતો.

આખરે, આ હુકમની આણંદ કલેક્ટર કચેરીમાં ખરાઈ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે કલેક્ટર દ્વારા આવો કોઈ જ હુકમ કરવામાં આવ્યો નથી અને તે સંપૂર્ણપણે બોગસ છે. સરકારી દસ્તાવેજ સાથે ચેડાં કરી બનાવટી હુકમ ઊભો કરનાર શાહિદ ઈમ્તીયાઝ શેખ સામે પેટલાદ મામલતદાર કમલેશભાઈ સોલંકીએ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાવ્યો છે. હાલ પેટલાદ ટાઉન પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી છે.